જા.નં/મા-૨/૨૦૨૨/ ૨૨૮૬૨-૬૩

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
એ-૩,જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ,સુરત
તા.૨૦/૧૨/૨૦૨૨

પ્રતિ,
આચાર્યશ્રી
સુરત જીલ્લાની તમામ સરકારી/ગ્રાન્ટેડ/નોન ગ્રાન્ટેડ /પ્રાથમિક,માધ્યમિક,ઉ.મા.શાળાઓ શાળાઓ તરફ
જી-સુરત.

**વિષય :-** ગુજરાતી ફિલ્મ " મેડલ " તમામ શાળાના વિદ્યાર્થીઓને દેખાડવા બાબત
**સંદર્ભ :-** નવકાર પ્રોડક્શનસ અમદાવાદના તા.૦૬/૧૨/૨૦૨૨ નો પત્ર

ઉપરોક્ત વિષય અને સંદર્ભ પત્ર અન્વયે જણાવવાનું કે, નવકાર પ્રોડક્શનસ અમદાવાદ દ્વારા ગુજરાતી ફિલ્મ જેનું નામ છે " મેડલ " જે શાળા કક્ષાએ વિદ્યાર્થીઓ,વાલીઓને તેમજ શાળાના તમામ શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે ખુબ ઉપયોગી થાય તેમ છે.

આ ફિલ્મનો વિષય સામાન્ય બાળકોની પ્રતિભા ખીલવી મેડલ જીતવાની લડત અને તેમાં એક શિક્ષકનાં સનિષ્ઠ પ્રયાસો થકી આપેલ માર્ગદર્શન પર આધારિત છે. મનોરંજન માર્ગે આજની પેઢીને મુલ્યો શીખવાડવાની મહેનત આ ફિલ્મ સાથે જોડાયેલા દરેકની છે. બાળકો અને યુવાનોને આ ફિલ્મ એક નવા જોમ અને ઉત્સાહથી ભરી દેશે તેવી છે.જેથી તમામ શાળાઓને નમ્ર અપીલ છે કે, આપની શાળાના તમામ વિદ્યાર્થીઓ,વાલીઓ તેમજ શાળાના તમામ કર્મચારીઓ " મેડલ" ફિલ્મ નિહાળે.

જો શાળાઓ પોતાના વિદ્યાર્થીઓને સમૂહમાં જોવા માટેનું આયોજન કરવા માંગતા હોય તો નવકાર પ્રોડક્શનસ દ્રારા કન્શેશનનો પણ લાભ આપવામાં આવશે તેવી નવકાર પ્રોડક્શનસ દ્વારા દરખાસ્ત કરેલ છે. જેની વધુ માહિતી માટે નવકાર પ્રોડક્શનનો સંપર્ક કરશો..: ૯૭૧૨૩ ૮૦૪૦૪, ૯૦૮૧૬ ૭૫૧૧૧

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત,જિલ્લો-સુરત

**બિડાણ :-સંદર્ભ પત્ર**

**નકલ રવાના જાણ સારુ :-**
નવકાર પ્રોડકશન,અમદાવાદ

NAVKAR
PRODUCTIONS

પ્રતિ શ્રી.
જીલ્લા શિક્ષણાધિકારી
અમદાવાદ શહેર

જય હિંદ.

<u>વિષય: ગુજરાતી ફિલ્મ "મેડલ" સ્કુલના બાળકોને દેખાડવા બાબત</u>

શિક્ષણ અને ખેલકૂદ બન્ને વિદ્યાર્થીઓના ઘડતરના અભિન્ન પાસા છે. જેમ આપશ્રી, શિક્ષણ થકી તેમના બૌદ્ધિક વિકાસમાં કાર્યરત છો એમ અમે નવકાર પ્રોડકશન પણ સિનેમાના માધ્યમથી આજના યુગના બાળકોમાં જોમ જુસ્સો અને મૂલ્યોનું વાવેતર કરવા કટિબદ્ધ છીએ.

એટલે જ ગુજરાત રાજ્યમાં વસતાં દરેક બાળકને અમારી ૨૫ નવેમ્બર ના રોજ રિલીઝ થયેલ ગુજરાતી ફિલ્મ "મેડલ" તેમને બતાવી તેમનામાં રહેલા રમત ગમત અને શિસ્ત પ્રત્યેની જાગૃતિ કેળવવામાં, એક નિમિત્ત થવાની ઇચ્છા રાખીએ છીએ.

ફિલ્મનો વિષય સામાન્ય બાળકોની અસામાન્ય રીતે ખેલ કલા મહાકુંભ માં મેડલ જીતવાની લડત અને તેમાં એક શિક્ષકનું માર્ગદર્શન પર આધારિત છે. મનોરંજનના માર્ગે આજની પેઢીને મુલ્યો શીખવાડવાની મહેનત આ ફિલ્મ સાથે જોડાયેલા દરેકની છે.

નવકાર પ્રોડકશનના મૂળમાં રહેલ મારું અને શ્લોકભાઇ નું સ્વપન વૈશ્વિક કક્ષાની ફિલ્મો થકી આપણી ગુજરાતી ફિલ્મોને આંતરરાષ્ટ્રીય કક્ષાની બનાવાવાનું છે. અમારી ફિલ્મ "મેડલ" પણ આજ સ્વપન અને મહેનતનું પરિણામ છે.

અમને ખાતરી છે કે તે આપણાં ગુજરાત રાજ્યનાં બાળકો અને યુવાનોને અમારી ફિલ્મ એક નવા જોમ અને ઉત્સાહથી ભરી દેશે. અમે ઇચ્છીએ છીએ કે આપણાં રાજ્યનાં દુર્ગમ ગામડામાં વસતું બાળક હોય કે ઇન્ટરનેશનલ શાળામાં અભ્યાસ કરતું બાળક હોય, કોઈ પણ વર્ગનું બાળક આ ફિલ્મ જોઈ શકે.

આ પત્ર થકી અમે આપને વિનંતી કરીએ છીએ કે વિદ્યાર્થીઓમાં ઉત્સાહ અને જીવન જીવવાનો નવી દ્રષ્ટિકોણ આપતી આ ફિલ્મને આપનાં શહેર/ વિસ્તારની સરકારી, ગ્રાન્ટેડ તેમજ નોન ગ્રાન્ટેડ પ્રાથમિક/ માધ્યમિક તેમજ ઉ. માધ્યમિક શાળાઓના બાળકો સ્કુલ સ્ટાફ તેમજ તેમનાં અનુકુળ સમયે નજીકના સિનેમાઘરમાં આ ફિલ્મ નિહાળે તેવી સુચના જાહેર કરશો એવી આપને સહૃદય વિનંતી છે.

શાળાઓ જો પોતાના વિદ્યાર્થીઓને સમૂહમાં જોવા માટેનું આયોજન કરવાં માંગતા હોય તો નવકાર પ્રોડકશન દ્વારા કન્શેન નો પણ લાભ આપવાં માંગીએ છીએ. તે માટે વધુ માહિતી માટે સંપર્ક કરો: ૯૭૧૨૩૮૦૪૦૪, ૯૦૮૧૬૭૫૧૧૧

આશા છે કે વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસમાં ફાળો આપતી આ તક આપ ઝડપી લેશો. આપની પાસેથી હકારાત્મક અભિગમની આશા સાથે.

ધ્રુવીન શાહ
નવકાર પ્રોડક્શન